# રસ્તા પર વિદ્યાર્થીનું પગે લાગવું – શિક્ષકની આમદાની કે વિદ્યાર્થીની ખાનદાની

શુક્રવાર તા.૭ માર્ચ. બપોરના ૨.૩૦ નો સમય. ગરમીભર્યો દિવસ. રસ્તા પર ચાલતાં ચાલતાં કોલેજ તરફ આવતો હતો. વિચારોમાં મગ્ન હતો. એકાએક અવાજ સંભળાયો “સ…ર..”. આવેલા અવાજ તરફ નજર કરવી. કોઇ એક છોકરી, મોં પર દુપટ્ટો, ઓળખાઇ નહીં, પણ તેના હસવાને કારણે દાંત જોયા. થયું કે આ છોકરી જ મને બોલાવે છે. છોકરીનું નજીક આવવું. ફરી “સર“ સંભળાવવું અને કશુંક વિચારું તે પહેલાં તો છોકરી નીચે નમીને પગના અંગૂઠાને અડકીને પગે લાગી. રસ્તા પર જતાં આવતાં લોકોનું એકીટસે નિરીક્ષણ કરવું. દુપટ્ટો દૂર થતાં જ ખબર પડી કે, અરે! આ તો ચેતના. થોડી ચર્ચા કરી છૂટા પડવાની વાત થઇ. ફરી પાછું એ જ રીતે પગે લાગવું. રસ્તા પર ચાલતા વ્યક્તિઓનું થોભી જવું કે ફાછા ફરીનેપૂરી એકાગ્રતાથી જોવું. આ ચેતના ત્રણ વર્ષ પૂર્વે મારી તાલીમાર્થિની હતી. અત્યારે ઉંમર પચ્ચીસ વર્ષની આસપાસ. સહેજ પણ શરમ સંકોચ રાખ્યા વગર રસ્તા પર પૂરી શ્રદ્ધા, નિષ્ઠા અને આમન્યા સાથે પોતાના ભૂતપૂર્વ અધ્યાપકને પગે લાગવું. જે દૃશ્ય જ આનંદ આપનારું અને વિદ્યાર્થી તથા શિક્ષક બંને પ્રત્યે માન ઉપજાવનારું છે. જેના અનુભવે તો અલૌકિક આનંદ કરાવ્યો. આવા બનાવોનો જેટલો બને તેટલો વધુ ચેપ શિક્ષણ અને સંસ્કૃતિના હિતમાં જ હશે.

ઉપરોક્ત અનુભવ પ્રાપ્ત થયાની બીજી જ સેકન્ડે વિચાર આવ્યો કે, શું મારામાં એવું કઇક છે કે જેથી આ તાલીમાર્થિની રસ્તા પર નમન કરે છે? મનમાં અત્યંત આનંદ. થયું કે ઘણું કમાવી લીધું, આ જ સાચી આમદની, સાચું રોકાણ વગેરે. વળી તરત જ વિચાર આવ્યો કે, ખરેખર મારા વ્યક્તિત્ત્વ ને કારણે આમ થયું કે તાલીમાર્થિની ખાનદાની ને કારણે આમ થયું? મારું વ્યક્તિત્ત્વ ઊંચું કે તાલીમાર્થિની ખાનદાની ઊંચી? મન ચકરાવે ચડયું. થયું કે જે કારણ હોય તે પણ જે બન્યું તે આવકારદાયક અને પ્રેરણાદાયક તો છે જ. અહીં કોનો વિજય? કોની નિષ્ઠા? કોની ઉદારતા? કોની નમ્રતા? કોણ શ્રેષ્ઠ? વગેરે ગૌણ પ્રશ્નો છે. છતાં થયું કે એ તાલીમાર્થિની જ શ્રેષ્ઠ? કારણ… ઘણાં વિદ્યાર્થીઓને ભણાવ્યાં, બધાં વિદ્યાર્થીઓ નહીંને કેટલાંક જ આમ કરવાની હિંમત, પ્રયાસ, નમ્રતા, શ્રેષ્ઠતા બતાવે છે. માટે જ એ તાલીમાર્થિની જ ઊંચી.ાાવા વિદ્યાર્થીની એક સલામ સામે શિક્ષકે દસ સલામ મારવી જ રહી. આમ કરવાથી શિક્ષકની ઊંચાઇમાં વધારો થશે. આવા વિદ્યાર્થીઓ જ્યાં સુધી હશે ત્યાં સુધી શિક્ષકની આબરૂ સચવાઇ રહેશે. શિક્ષકનું સ્થાન ઊંચું જ રહેશે. આવા વિદ્યાર્થીઓને કારણે જ શિક્ષકો ઊજળાં કે ઊંચા છે.

શિક્ષક શાળામાં ભણાવે , માર્ગદર્શન આપે, મિત્રતાભર્યું વર્તન રાખે, વધુ સમય કામ કરે, પૂરી નિષ્ઠાથી નિચોવાઇ જાય, પ્રેમ-હૂંફ-વાત્સલ્ય તેના ગજવામાં જ હોય ત્યારે તેનું વ્યક્તિત્ત્વ નમન કરવાને લાયક બને છે. બીજી બાજું વિદ્યાર્થી પૂરી નિષ્ઠાથી ભણે, નિયમિત શાળા-કોલેજમાં આવે, શાળા-કોલેજની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લે, મળતાવડો અને મદદરૂપ થવાનો સ્વભાવ, શિક્ષકના માન-મોભાને સાચવે, સર્વ સ્ટાફ શિક્ષકોનો માનીતો બને, વધુ ભણે વધુ સારું પરિણામ લાવે ત્યારે તેનું વ્યક્તિત્ત્વ પણ સલામ મારવાને લાયક બને છે. શિક્ષકની નજર સામેથી દર વર્ષે ઘણાં વિદ્યાર્થીઓ પસાર થાય છે. શિક્ષક કેટલાંક વર્ષ પછી બધાંને યાદ ન પણ રાખી શકે. આમછતાં તોફાની, હોશિયાર કે ચોક્કસ બાબતમાં વિશિષ્ટ વિદ્યાર્થીઓ અવશ્ય પણે યાદ રહે જ છે. બીજી બાજુ વિદ્યાર્થીઓને તેમના બધા શિક્ષક યાદ હોય છે. આજે પણ કોલેજમાં અભ્યાસ કરતા કે નોકરી કરતા વ્યક્તિને તેના પ્રાથમિકશાળાના શિક્ષકો યાદ હોય જ છે. તેમાં પણ જો કોઇ શિક્ષક ચોક્કસ

બાબતમાં વિશિષ્ટ હોય તો તે શિક્ષક દરેક વિદ્યાર્થીને અંત સુધી યાદ રહે જ છે. શિક્ષકે આવી હકારાત્મક વિશેષતા કેળવવા સતત પ્રયત્ન પણ કરવો જોઇએ. આમથશે તો કોઇપણ વિદ્યાર્થીને રસ્તા પર પણ નમન કરતાં સંકોચ નહીં આવે, નહીં તો સામે મળતા શિક્ષકને જોઇને મોં ફેરવતા કે ઓફિસમાં કામાર્થે ગયેલા શિક્ષકને પછી આવજો કહેતાં પણ વિદ્યાર્થીને વાર નહીં લાગે. આવું બને તો સમજજો કે શિક્ષક તરીકેની જિંદગીમાં ખોટ કરી છે.

મીઠાખળી વિસ્તારમાં ઓર્થોપેડિક ડૉક્ટર તરીકેનો વ્યવસાય કરતા રાજેન્દ્ર પટેલ પણ આવા જ એક વિદ્યાર્થી છે. તેઓએ શાળા છોડે ૩૫ વર્ષ કરતાં પણ વધુ સમય થયો છે. આમછતાં તેમના કોઇપણ શિક્ષક કે તેમના સગાં રાજેન્દ્રભાઇની હોસ્પિટલ પર જાય તો ક્યારેય પણ કોઇ ફી નહીં લેવાની. એ ફી જ નહીં પણ એક્સ-રે કે દવા આપે તો તેના પૈસા પણ નથી લેતા. રાજેન્દ્રભાઇની ખાનદાની તો જૂઓ.. તેઓ તેમને ભણાવનાર શિક્ષકોને તો મફત સારવાર આપે જ છે. પણ એટલેથી ન અટકતા તે શાળાના કોઇપણ શિક્ષક આજે પણ હોસ્પિટલ પર જાય તો પણ ફી નથી લેતા. શાળાને છોડે ૩૫ વર્ષ પછી પણ તે શાળાના ગઇકાલના કે આજના શિક્ષક પ્રત્યે પણ માન-મોભો જાળવવા બદલ રાજેન્દ્રભાઇને દસ નહીં પણ પૂરી સો સલામ. આ ઉદાહરણ વિદ્યાર્થીની શિક્ષક પ્રત્યેની નિષ્ઠા વ્યક્ત કરે છે. તો વળી શિક્ષકની વિદ્યાર્થી પ્રત્યેની નિષ્ઠાની પણ નોંધ લઇએ. રાજુભાઇ જાડેજા કે જેઓ સ્કેટીંગના કોચ છે. આજથી બરાબર ૧૩ વર્ષ પૂર્વે તેમણે આ વ્યવસાય સ્વીકારેલો. તે સમયે તેઓ કેટલાંક વિદ્યાર્થીઓને મફત કોચિંગ આપે. પોતાના પૈસે તાલીમ આપે. તાલીમ આપવા રોડ પર જાય તો પણ પોતાનું પેટ્રોલ. નાસ્તો પણ કરાવે. આ રાજુભાઇ આજે પણ સ્કેટીંગના કોચ છે. આજથી બે માસ પૂર્વે પટેલ ધારા કે જે ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ પૂર્ણ કરીને અમદાવાદ આવી હતી. તેને તેના સ્કેટીગના કોચ રાજુભાઇ જાડેજા યાદ આવી ગયા. તેમને મળવા ગઇ. સ્કેટીંગ રીંકમાં ભીડ વચ્ચે ધારા પોતે રાજુભાઇની સામે જઇને ઊભી રહી. રાજુભાઇ ઓળખી ન શક્યા. ધારા એ માત્ર એટલું જ કહ્યું કે સર, હું ધારા. બસ રાજુભાઇ ઉછળી પડયા ધારાને ભેટી પડયા. પોતાની લાગણીને રોકી ન શક્યા. હર્ષના અશ્રુ પણ આવી ગયા. અન્ય સ્કેટર્સ અને વાલી તો અચંબામાં પડી ગયાં. રાજુભાઇ અને ધારા વચ્ચે ચર્ચાઓ થઇ. છૂટા પડવાનો સમય આવ્યો. ધારાએ અડધો કીમી ચાલીને પોતાના વાહન પાસે જવાનુ હતું. કોચ રાજુભાઇ ધારાને મૂકવા ચાલીને આવ્યા. ફરી આવજો જજોની વાત થતી હતી અને રાજુભાઇ એકાએક પાછા ફરી ગયા. કારણ.. તેઓ પોતાની આંખમાં હર્ષના આંસુ રોકી શકતા ન હતા. ધારા લાગણીશીલ બની ગઇ. અને પોતાના કોચ એવા શિક્ષક માટે ગૌરવ અનુભવવા લાગી. અહીં કોચરૂપી શિક્ષક અને વિદ્યાર્થી બંનેએ પોતાની ખાનદાની બતાવી. આવી ખાનદાની વિશેની ઘટનાઓ વધુમાં વધુ બને અને તેવી ઘટનાઓની વાતો વારંવાર સાંભળવા મળે તે ક્ષણ ધન્ય ક્ષણ કહેવાય.